અનુ.જનજાતિની ગ્રાન્ટ ઇન એઇડ પૂર્ણ વિકસીત આશ્રમશાળાઓમાં
પમાં શિક્ષકની જગ્યા મંજૂર કરવા અંગે..

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : અમશ/૧૪૨૦૦૪/ન.બા-૩/ ઘ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : /૦૪/૨૦૦૭
13 APR 2007

**વંચાણે લીધા :-**

૧. આદિજાતિ વિકાસ વિભાગના ૩૧/૦૩/૦૧ના ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૪૯૯/ન.બા.૩૪-૩૫/ઘ
૨. કમિશ્નરશ્રી,(આ.વિ)ના તા૩૦/૧૨/૦૬ના પત્ર ક્રમાંકઃઆવિ/ આશા/૨/૨૦૦૬-૦૭/૪૬૭૭

**ઠ રા. વ :-**

આમુખ ક્રમાંક(૧)માં જણાવેલા તાઃ૩૧/૦૩/૦૧ના ઠરાવથી અનુ. જનજાતિની પૂર્ણ વિકસીત આશ્રમશાળાઓમાં પમાં શિક્ષકની જગ્યાઓ મંજૂર કરવાની બાબતને સૈધ્ધાંતિક સંમતિ આપવામાં આવી છે. અનુ. જનજાતિની ૩૨ ગ્રાન્ટ ઇન એઇડ પૂર્ણ વિકસીત આશ્રમશાળાઓમાં ૩૨ મદદનીશ શિક્ષકોની જગ્યાઓ મંજૂર કરવાની બાબત વિભાગની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે ૩૨(બત્રીસ) પૂર્ણ વિકસીત આશ્રમશાળાઓમાં (દરેકમાં એક મદદનીશ શિક્ષક) લેખે)કુલ ૩૨ મદદનીશ શિક્ષકોની વિધા -સહાયકના ધોરણે રૂપિયા ૨૫૦૦/- ના માસિક ફીકસ પગારની જગ્યાઓ મંજૂર કરવાની બાબતને આથી મંજૂરી આપવામાં આવે છે.

આ અંગે નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮માં રૂપિયા ૯.૬૦ લાખની નવી બાબતમાંથી ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૨. વિધા -સહાયકની ભરતી માટેની શરતો અને બોલીઓ નીચે મુજબ રહેશે.

***બોલીઓ અને શરતો :-***

૧ સરકારશ્રીની પ્રવર્તમાન અનામત નીતિ પ્રમાણે આ સંવર્ગમાં જે તે વર્ગનો જો બેકલોગ બાકી હોય તો સર્વ પ્રથમ જે તે વર્ગનો બેકલોગ પુરો કરવાનો રહેશે. ત્યારબાદ આ સંવર્ગના રોસ્ટર રજીસ્ટર પ્રમાણે જે તે વર્ગને ફાળે જે જગ્યાઓ આવતી હોય તે જગ્યાઓ ઉપર જે તે વર્ગનું પ્રતિનિધિત્વ જળવાય તે રીતે કાર્યવાહી થાય તે જોવાની કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની જવાબદારી રહેશે.
૨ નિમણુંક પામનાર ઉમેદવારોને ઉપર સુચવ્યા મુજબ માસિક ઉચ્ચક પગાર મળશે, આ નિમણુંક કરારના ધોરણે ગણવામાં આવશે. કરારની મુદત પાંચ વર્ષની રહેશે.
૩ ઉભયપક્ષે એક માસની નોટીસ અથવા એક માસની ફીકસ પગારની રકમ સાથેનો નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.
૪. નિયત ફીકસ વેતન પર કોઇપણ જાતના ભથ્થાં મળવાપાત્ર થશે નહી.
૫ કરારના સમયગાળા દરમ્યાન શ્રી વિધાસહાયક ને ફીકસ વેતનમાં કોઇ પણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહી.મોંઘવારી ભથ્થું વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો કે અન્ય કોઇ લાભો મળવાપાત્ર થશે નહી.
૬ કરારના સમયગાળા દરમ્યાન મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહીં.
૭ કરારના પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન બજાવેલ સેવા / નોકરી પેન્શન, બોનસ, એલ.ટી.સી. એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય કોઇ નાણાંકીય લાભો સરકારશ્રી પાસેથી મળવવાને પાત્ર ગણાશે નહિ.

૮ કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલ ફરજના સમયગાળાની' ફીકસ વેતનની લેણી રકમ કર્મચારીના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા નાણાકીય લાભ એકસગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહી.

૯ શ્રી વિધાસહાયક સમાન સંવર્ગના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેકટીસ કે અન્યત્ર પાર્ટટાઇમ નોકરી કરી શકાશે નહી. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

૧૦ શ્રી વિધાસહાયક ને કરારના સમય દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણ રજા મળવાપાત્ર થશે. અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહી. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના પગારની કપાત કરી લેવામાં આવશે. મહિલા કર્મચારીઓ રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.

૧૧ શ્રી વિધાસહાયક-એ કાર્યમથક પર રહેઠાણ રહેવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહી.

૧૨ ફરજના ભાગરૂપે મુખ્ય મથકથી આઠ કિ.મી.બહાર જવાનુ થાય તો ૬ કલાકથી વધુ અને ૧૨ કલાક સુધીના રોકાણ માટે રૂ.૧૫/- અને ૧૨ કલાકથી વધુ સમય માટે રૂ.૩૦/- દૈનિક ભથ્થુ મળવાપાત્ર થશે તેમજ મુસાફરી ભાડા પેટે એસ.ટી.બસ/ રેલ્વેનું બીજા વર્ગનું ભાડુ મળવાપાત્ર થશે.

૧૩ કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઇપણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઇપણ સમયે નોકરી સમાપ્ત કરવામાં આવશે.

૧૪ સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નકકી થાય તે પણ બંધનકર્તા રહેશે.

૧૫ વ્યવસાય વેરાની કપાત નિયમાનુસાર ફીકસ પગારમાંથી કરી લેવાની રહેશે.

૧૬ નિમણુંક સમય દરમ્યાન તેમને બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઇપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજય સરકારની કોઇ જવાબદારી રહેશે નહી.

૧૭ કરાર આધારીત ઉચ્ચક વેતનથી નિમણુંક પામેલ વ્યક્તિને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઇ હકક પ્રાપ્ત થશે નહી.

૧૮ ઉપરોક્ત શરતો નિમણુંક પામનાર વ્યક્તિને સ્વીકાર્ય છે, તે અંગેનું સંમતિપત્ર મેળવવાનું રહેશે.

૧૯ આ ભરતી જે તે સંવર્ગના ભરતી નિયમો અનુસાર યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરતીની નિયત કરાયેલ પ્રક્રિયાને અનુસરીને જ કરવાની રહેશે. અને નિયત અરજીપત્રકમાં આ શરતોનો સમાવેશ કરવાનો રહેશે.

૨૦ આ રીતે નિમણુંક પામેલ ઉમેદવારની બે વર્ષ દરમ્યાનની કામગીરીની સમીક્ષા બે વર્ષ પછી કરવાની રહેશે અને જો કામગીરી સંપૂર્ણ સંતોષકારક જણાય તો જ બાકીના સમય માટે ચાલુ રાખવામાં આવશે.

૨૧ ઉપર પ્રમાણે નિમણુંક આપેલ ઉમેદવારની સેવાઓ/ ફરજો પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન સંતોષકારક જણાય તો પાંચ વર્ષ બાદ તેઓને જે તે સંવર્ગના નિયમિત પગારધોરણમાં લઘુત્તમ પગારમાં નિયમિત નિમણુંક આપવાની રહેશે. એટલે કે પાંચ વર્ષ બાદ જે તે જગ્યાઓ પુરા પગારધોરણમાં આપોઆપ પરિવર્તિત થયેલી ગણાશે. પરંતુ આ નિમણુંક તેમની નવી નિમણુંક ગણાશે અને તે સમયે નિયમાનુસાર મળવાપાત્ર ભથ્થા સવલતો મળવાપાત્ર થશે.

૨૨ સીધી ભરતીની આ જગ્યાઓ ભરતીની નિયત પ્રક્રિયા અનુસાર ભરવા માટે ગૌણ સેવા પસંગી મંડળ / અન્ય મંડળ કે માન્ય સંસ્થાને માગણી પત્રક મોકલતી વખતે નિયત અરજી ફોર્મમાં ઉપર દર્શાવેલ તમામ શરતો અને બોલીઓ અચુક આમેજ કરવામાં આવે તે જોવાની જવાબદારી સંબંધિત કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની રહેશે.

૨૩ આશ્રમશાળાઓમાં વિધા સહાયકોની ભરતી શિક્ષણ વિભાગના તા:૧૧/૬/૯૮ના ઠરાવ ક્રમાંક: પીઆરઆઇ/ ૧૦૯૬/૩૦૫૦/૧૦૨૭/(૯૮) ક થી દાખલ થયેલ યોજના અને તેમાં વખતો વખત થયેલા સુધારા મુજબ કરવાની રહેશે.

૨૪ આ ખર્ચ તા:૧/૪/૨૦૦૭થી કરવાનું રહેશે.

...૨..

૪ આ અંગેનો ખર્ચ માંગણી " ક્રમાંકઃ૯૬ મુખ્ય સદર :૨૨૨૫ અનુ. જાતિઓ આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૨- અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ ,ગૌણસદર ૭૯૬-આદિજાતિ વિસ્તાર, પેટા યોજના, પેટા સદર , બીસીકે-૧૭૯, આશ્રમશાળાઓ વિગતવાર સદર -સહાયક અનુદાન-(ગ) અન્યને " હેઠળ થયેલી જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર અગ્રસચિવશ્રી (ખર્ચ)નાણાં વિભાગ ની તાઃ 30/3/09ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જયોતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન,સેકટર-૧૦-એ. ગાંધીનગર

નકલ રવાનાઃ-

- માન. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન. રા.ક મંત્રીશ્રી (આ.ક)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- આ.શિક્ષણ મંત્રીશ્રી ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, (ખર્ચ) નાણાં વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ ,ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે નાયબ સચિવશ્રીઓ, આ.વિ.વિ. સચિવાલય, ગાંધીનગર
- સર્વે ઉપસચિવશ્રીઓ, આ.વિ.વિ. સચિવાલય, ગાંધીનગર
- હિસાબી અધિકારીશ્રીઓ આદિજાતિ વિકાસ,
- સર્વે આશ્રમશાળા અધિકારીશ્રીઓ.
- નાણાં સલાહકારશ્રી (આદિજાતિ વિકાસ વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ,આ.વિ.વિ.સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ.

RAVAL*AMS-142004-N-BA-3-GH-81105